सत्यमेव जयते

**Shaktisinh Gohil**

*Member of Parliament, Rajya Sabha*
*Member, Public Accounts Committee of Parliament*
*Member, Information Technology Committee of Parliament*
*Former Minister and Former Leader of Opposition, Gujarat*

તા. ૧૬.૦૬.૨૩

સ્નેહીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,

માન. મુખ્યમંત્રીશ્રી (ગુ.રા.)

નમસ્કાર...

વાવાઝોડાની સંપૂર્ણ અસર લેન્ડફોલની પ્રક્રિયા દરમિયાન હું, કોંગ્રેસ વિધાનપક્ષના નેતા અમિતભાઈ ચાવડા તથા અમારા પ્રદેશના આગેવાનો સાથે કચ્છમાં હાજર છીએ. નજરે જોયેલી વાવાઝોડાની અસરો એટલી વિકરાળ છે કે તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ખુબ મોટા પાયે ખેડૂતો, માલધારીઓ અને લોકોના જાનમાલને નુકશાન થયેલું છે. આ કુદરતી આપદા નેશનલ કેલેમિટી (રાષ્ટ્રીય આપદા) તરીકે તાત્કાલિક જાહેર કરીને નીચે મુજબની વ્યવસ્થા સરકારી તંત્ર ધ્વારા તાત્કાલિક થાય તે આવશ્યક છે અને તે માટે મારા આ સાથે સૂચનો કરું છુ અને આ કામ પરિપૂર્ણ કરવામાં ક્યાંય પણ અમારા પક્ષની જરૂર હશે ત્યાં એક જવાબદાર રચનાત્મક વિરોધ પક્ષ તરીકે અમારો સહયોગ રહેશે તેની ખાતરી આપું છુ.

1) ખુબજ મોટા પાયે ગામડાઓમાં વીજ પુરવઠો કચ્છ અને સૌરાષ્ટ્રમાં ખોરવાયો છે. આ વીજ પુરવઠો તાત્કાલિક પુનઃ સ્થાપિત થાય તે આવશ્યક છે. વીજ પુરવઠો ખોરવાવાના કારણે શુદ્ધ પાણી મેળવવામાં મુશ્કેલી છે ત્યારે ટેન્કરો ધ્વારા તાત્કાલિક શુદ્ધ પાણીની વ્યવસ્થા અને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત થવામાં જ્યાં સમય લાગે તેમ હોય ત્યાં જનરેટર ધ્વારા વિજળી પૂરી પાડવી આવશ્યક છે.

2) ખુબજ મોટા પાયે સામાન્ય માણસોના ઘરો, ઝુંપડાઓ અને ધંધા રોજગારના સ્થાનોને નુકશાન થયું છે. આવા લોકોને તાત્કાલિક પુનઃવસન માટેની વ્યવસ્થા માટે સહાય મળી રહે તે આવશ્યક છે.

3) ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં હજુ સુધી અસરગ્રસ્ત કે વિસ્થાપિત થયેલા કોઈને પણ કેશ ડોલ્સ (રોકડ સહાય) મળેલ નથી.

4) રોજનું કમાઈને રોજ ખાનારા વ્યક્તિઓને રોકડ સહાય (કેશ ડોલ્સ) તાત્કાલિક ચૂકવી આપવામાં આવે તે જરૂરી છે.

5) વાવાઝોડાના કારણે ભરાયેલા પાણી અને કીચડનાં કારણે પશુધન માટે ચરાણમાં ચરવા જવાનું મુશ્કેલ બનેલ છે. ફોરેસ્ટના ગોડાઉનોમાં પુષ્કળ ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે તો તાત્કાલિક પશુપાલકો અને ખેડૂતોને સુકું ઘાસ ઉપલબ્ધ કરાવવું જરૂરી છે.

6) વૃક્ષની ખેતી કરનાર કચ્છ અને સૌરાષ્ટ્રના તથા ગુજરાતના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષો ધરાશાઈ થયા છે. ખેડૂત બાળકની જેમ જાળવણી કરીને વૃક્ષને મોટું કરે છે તે વૃક્ષના નિકંદનથી ખેડૂતોને મોટા પાયે નુકશાન થયેલું છે માટે તાત્કાલિક વૃક્ષોના નુકશાનીનું વળતર ખેડૂતોને ચૂકવી આપવામાં આવે તે જરૂરી છે.

7) કેટલાંક વિસ્તારોમાં વાવાઝોડાના કારણે ખેડૂતોની જમીનોનું ખુબજ ભયંકર નુકશાન થયેલું છે આ જમીન નવસાધ્ય થાય એ માટે કૃષિ વિભાગ મારફત માર્ગદર્શન અને જમીન નવસાધ્ય કરવા સબસીડી આપવામાં આવે.

8) ભૂતકાળમાં આવી પરિસ્થિતિના સમયે ખેડૂતોને બિયારણ માટે તગાવી (ગ્રાન્ટ/સબસીડી) આપવામાં આવી હતી તે તાત્કાલિક ચૂકવી આપવામાં આવે.

9) નાના નાના લારી ગલ્લા અને નાના વેપારીઓના ધંધા રોજગારના સાધનોને ખુબ મોટા પાયે નુકશાન થયું છે. તેઓને સહાય મળવી જરૂરી છે.

10) ખુબજ મોટા પાયે લોકોના દ્વિચક્રી વાહનોને નુકશાન થયેલ છે તેઓને મદદ આવશ્યક છે.

11) જે ગામોના રસ્તાઓ વૃક્ષો પડવાથી અથવા પાણીના ધોવાણથી ખરાબ થયા છે તેનું રીપેરીંગ તાત્કાલિક જરૂરી છે.

12) જે પશુપાલકો અને ખેડૂતોએ પશુઓ ગુમાવ્યા છે તેમને પશુ ખરીદવા માટેની સહાય આવશ્યક છે.

13) વિજળી ડુલ થવાના કારણે દળવાનો લોટ તથા અન્ય જીવન જરૂરીયાતની ચીજોની મુશ્કેલી પેદા થઈ છે ત્યારે રસોઈ અને જીવન જરૂરી વસ્તુઓની કીટ આ વિસ્તારોમાં પહોંચે તે આવશ્યક છે.

14) કેટલીક જગ્યાએ પાણી ભરાવાથી માનવ અને પશુઓમાં રોગચાળો ફેલાવવાની શક્યતા છે ત્યારે માનવ અને પશુઓ માટે મેડીકલ ચેકઅપ કેમ્પ અસરગ્રસ્ત વિસ્તારોમાં સત્વરે શરુ થાય તે જરૂરી છે.

ભૂતકાળમાં ૧૯૮૨ માં સૌરાષ્ટ્રમાં જયારે વાવાઝોડું આવ્યું ત્યારે મેં જે ઉપરોક્ત સૂચનો કર્યા છે ખુબજ ઉદાર હાથે તે તમામ વ્યવસ્થા અને મદદ જે તે વખતની સરકારે કરી હતી જેનો હું સાક્ષી છુ અને સરકારના ચોપડે પણ આ વસ્તુઓ ઉપલબ્ધ છે. તો આવી જ ઉદારતા સાથે આપણે આ વખતે પણ ખુબ ઝડપથી લોકો માટે રાહત અને પુનઃવસનની કામગીરી કરીએ તે અત્યંત જરૂરી છે માટે ઉપરોક્ત જે સૂચનો મેં કરેલા છે તેને આપ સકારાત્મક લઈને માનવતાના ધોરણે તથા યુદ્ધના ધોરણે કામગીરી કરશો તેવી સંપુર્ણ અપેક્ષા રાખુ છુ.

કુશળ હશો,

શુભકામના સહ,

(શક્તિસિંહ ગોહિલ)